# જાહેરાત

જિલ્લા પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, જિલ્લા આરોગ્ય સોસાયટી, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત નીચે મુજબની નેશનલ હેલ્થ મિશન અંતર્ગત વિવિધ જગ્યાઓ ભરવાની થાય છે. જે અંગે નીચે દર્શાવેલ પત્રક મુજબ લાયકાત ધરાવતાં ઉમેદવારોએ અરજી કરી શકશે.

| અ.ક્ર | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર (પ્રતિ માસ) | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | નેશનલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ તબીબ (પ્રા.આ.કે.) (માત્ર હોમિયોપેથી) | ૧ | ૨૫,૦૦૦/- | બેચલર ઓફ હોમિયોપેથી, ઉંમર મર્યાદા ૪૦ વર્ષ, ગુજરાત હોમિયોપેથી કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. ઇન્ટરશીપ પૂર્ણ કરેલ હોવી જોઇએ. તથા કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થિતીએ ચાલુ હોવું જોઇએ. |
| ૨ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આયુષ તબીબ (પુરુષ/સ્ત્રી) (તાલુકા કક્ષાએ) | ૪ (૨ પુરુષ અને ૨ સ્ત્રી) | ૨૫,૦૦૦/- | (૧) બેચલર ઓફ હોમિયોપેથી/આયુર્વેદિક, (૨) ગુજરાત કાઉન્સીલ રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. (૩) ઇન્ટરશીપ પૂર્ણ કરેલ હોવી જોઇએ તેમજ કાઉન્સીલ બોર્ડમાં રજીસ્ટ્રેશન હાલની સ્થિતીએ ચાલુ હોવું જોઇએ. (વય મર્યાદા ૪૦ વર્ષ). |
| 3 | નેશનલ હેલ્થ મિશ્ન અંતર્ગત સ્ટાફ નર્સ/બ્રધર્સ (પ્રા.આ.કે.) | ૨ | ૧૩,૦૦૦/- | (૧) સરકાર માન્ય સંસ્થાનું બી.એસ.સી ડીગ્રી ઇન નર્સીંગ અથવા ડિપ્લોમાં ઇન જી.એન.એમ. નો કોર્ષ કરેલ હોવો જોઇએ. (૨) નર્સીંગ કાઉન્સલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. (વય મર્યાદા ૪૫ વર્ષ) |
| ૪ | રાષ્ટ્રીય બાળ સ્વસ્થ્ય કાર્યક્મ અંતર્ગત એ.એન.એમ. (તાલુકા કક્ષાએ) | 3 | ૧૨,૫૦૦/- | (૧) સરકાર માન્ય સંસ્થામાંથી બેઝિક એફ.એચ.ડબ્લ્યુ અથવા એ.એન.એમ. નો કોર્ષ પૂર્ણ કરેલ હોવો જોઇએ. (૨) ગુજરાત નર્સીંગ કાઉન્સલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. CCC કોર્ષ અથવા કોમ્પ્યુટરની સામાન્ય જાણકારી નો કોર્ષ કરેલ હોવો જોઇએ.(વય મર્યાદા ૪૦ વર્ષ) |
| ૫ | રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ફાર્માસીસ્ટ (તાલુકા કક્ષાએ) | ૯ | ૧૩,૦૦૦/- | સરકાર માન્ય યુનિવર્સીટી માંથી ડીગ્રી ફાર્મસી કોર્ષ કરેલ હોવો જોઇએ. (૨) ફાર્મસી કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઇએ. (વય મર્યાદા ૪૦ વર્ષ) |
| ૬ | નેશનલ હેલ્થ મિશન અંતર્ગત એ.એન.એમ. (પ્રા.આ.કે.) | ૨ | ૧૨,૫૦૦/- | ૧) સરકાર માન્ય સંસ્થામાંથી બેઝિક એફ.એચ.ડબ્લ્યુ અથવા એ.એન.એમ. નો કોર્ષ પૂર્ણ કરેલ હોવો જોઇએ. (૨) ગુજરાત નર્સીંગ કાઉન્સલીંગનું રજીસ્ટ્રેશન ફરજીયાત હોવું જોઇએ. CCC કોર્ષ અથવા કોમ્પ્યુટરની સામાન્ય જાણકારી નો કોર્ષ કરેલ હોવો જોઇએ.(વય મર્યાદા ૪૫ વર્ષ) |

ઉપરોક્ત લાયકાત ધરાવતાં ઉમેદવારોએ અરજી પત્રક અત્રેની ગાંધીનગર જિલ્લા પંચાયતની વેબસાઇટ - gandhinagardp.gujarat.gov.in પરથી " ૧૧ માસના કરાર આધારિત સ્ટાફ ભરતી(આરોગ્ય શાખા)" પરથી અથવા અત્રેની કચેરી સરનામું : બીજો માળ, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, સેક્ટર-૧૭ ખાતેથી ચાલુ કામકાજના દિવસો દરમ્યાન (તારીખ : ૧૦/૦૯/૨૦૨૦ થી તા. ૧૮/૦૯/૨૦૨૦) કચેરી સમયે રૂબરૂ માં મેળવી શકશો. અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના તમામ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે પોતાની અરજી અત્રેની કચેરીને તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે સ્વ-ખર્ચે માત્ર આર.પી.એડી./સ્પીડ પોસ્ટ દ્વારા જ મોકલી આપવાનું રહેશે. સાદી ટપાલ, રૂબરૂ કે અન્ય રીતે તેમજ સમયમર્યાદામાંન મળેલ અરજીઓ અમાન્ય રહેશે જેની ખાસ નોંધ લેશો.

અરજી પત્રકના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરતાં હોય તેનું નામ કવર પર લખવાનું રહેશે તેમજ દરેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે. અરજીઓની ચકાસણી બાદ મેરીટ પ્રમાણે ગુણાંનુક્રમ યાદીમાં સમાવેશ થતાં લાયક ઉમેદવારોને અસલ પ્રમાણપત્રની ચકાસણી કરવા રૂબરૂ બોલાવવામાં આવશે. જે માટે અરજી ફોર્મમાં આપનો સંપર્ક નંબર તેમજ સરનામું અચૂક દર્શાવવાનો રહેશે.

ગુણાંનુક્રમ યાદી તૈયાર થયા બાદ તેની પ્રસિધ્ધી જિલ્લા પંચાયતના નોટીસ બોર્ડ પર કરવામાં આવશે. સદર જગ્યાઓ કરાર આધારિત હોઇ વખતોવખતની સરકારશ્રીની સુચનાઓ મુજબ કોઇપણ પ્રકારના હક્ક દાવા રહેશે નહિ. મુદત અથવા પ્રોજેક્ટ પૂર્ણ જાહેર થવાથી નિમણુંક આપોઆપ રદ ગણાશે. સદર ભરતી બાબતના તમામ અધિકાર પસંદગી નિમણુંક સત્તાધિકારી ની રહેશે.

અરજી મોકલી આપવાનું સ્થળ :
બીજો માળ, આરોગ્ય શાખા
જિલ્લા પંચાયત,
સેક્ટર-૧૭, ગાંધીનગર, ૩૮૨૦૧૭

સભ્ય સચિવ
ડીસ્ટીક્ટ હેલ્થ સોસાયટી
અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત, ગાંધીનગર